# ગણેશ ઉત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ટેલેન્ટને પ્રોત્સાહન

**સુરતમાં ગણેશોત્સવનો રંગ જામ્યો છે. શહેરની ગલી, મહોલ્લા, શેરીમાં વિઘ્નહર્તા ગણેશજીની પૂજા-અર્ચના-આરાધના ભક્તિભાવપૂર્વક કરવામાં આવી રહી છે. આમ પણ આઝાદીના સંગ્રામ દરમિયાન ગણેશ ઉત્સવને લોકોમાં એકતાની ભાવના કેળવવા માટે સાર્વજનિક કરાયો હતો. બસ ત્યારથી આખા દેશમાં ગણેશજીની સ્થાપના સાર્વજનિક મંડળમાં કરી તેમની પૂજા કરવા સાથે લોકોમાં એકતા વધે, લોકોને આનંદ મળે તેવા કાર્યક્રમોનું આયોજન કરાય છે. સુરતમાં મોટા પંડાળો અને સોસાયટી, શેરીમાં ગણેશ ઉત્સવના દસ દિવસ દરમિયાન નાનાં બાળકો, યુવાઓ, મહિલાઓ માટે વિવિધ મનોરંજનના કાર્યક્રમો કરાય છે. જો કે હવે બહુ મોટાં અને નામાંકિત મંડળો દ્વારા પંડાળોનું થીમ આધારિત ઝકાસ ડેકોરેશન કરાય છે તે જોવા લોકોની ભીડ થાય છે એટલે ઘણું ક્રાઉડ થતું હોવાથી વિવિધ કાર્યક્રમોનાં આયોજન જગ્યાના અભાવે અને ભીડને કારણે નથી થતાં. મોટા મંડળો સેવાભાવના માટે રક્તદાન કેમ્પનું અને ભંડારાનું આયોજન કરે છે પણ ઘણાં ગણપતિમંડળો અને મોટી મોટી સોસાયટીઓમાં ત્યાંના નિવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાતું હોય છે. તો ચાલો આપણે શહેરનાં કેટલાંક મંડળોના કર્તાહર્તાને મળીએ અને જાણીએ કે તેઓનાં મંડળો દસ દિવસના ઉત્સવ દરમિયાન કયા અને કેવા કાર્યક્રમ કરી ઉત્સવનો આનંદ વધારતા હોય છે...**

## બાળકો બનાવશે ઇકો ફ્રેન્ડલી ગણેશ, કરાઓકે અને ટેલેન્ટ શૉનું આયોજન થશે: અજય ખડાવાળા




પાલનપોર વિસ્તારમાં રહેતાં 54 વર્ષીય અજયભાઈ પ્રિન્ટિંગ પ્રેસનું સંચાલન કરે છે. તેમણે જણાવ્યું કે, ''અમારા રાજહંસ સોસાયટી ગણપતિમંડળ દ્વારા છેલ્લાં 12 વર્ષથી ગણેશજીની શ્રદ્ધા, ભાવપૂર્વક સ્થાપના કરવામાં આવે છે. અમે ગણેશ ઉત્સવ દરમિયાન બાળકો અને યુવાનોમાં છુપાયેલી પ્રતિભાને ઉજાગર કરવા માટે ટેલેન્ટ શૉનું આયોજન કરીએ છીએ અને કરાઓકે મ્યુઝિકનો પણ પ્રોગ્રામ કરીએ છીએ. અમારા મંડળ દ્વારા ત્રણ-સાડા ત્રણ ફૂટની ઈકો ફ્રેન્ડલી ગણપતિની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. વિસર્જન અમે અહીં જ મંત્રોચ્ચાર વિધિપૂર્વક કરીએ છીએ. વિસર્જન પહેલાં મૂર્તિની વિસર્જનયાત્રા સોસાયટીમાં આયોજિત કરીએ છીએ. 10 દિવસ જે વિવિધ કાર્યક્રમો કરીએ છીએ એમાં પહેલા દિવસે 200થી 300 બાળકો ઈકો ફ્રેન્ડલી ગણેશ બનાવે છે. કલે બાળકો



ઘરેથી લઈ આવે છે. એક દિવસ ટેલેન્ટ શૉનું આયોજન થાય તેમાં 3થી 17 વર્ષની એજના સ્પર્ધક હોય જેઓ પોતાનામાં રહેલું ટેલેન્ટ જેમ કે, કોઈ ડ્રોઈંગ કરીને બતાવે, કોઈ સિંગિંગ કરે તો કોઈ સ્પીચ આપે. આમાં જીતનારને પુરસ્કાર આપવામાં આવે છે. એક દિવસ ગૌમાતાના લાભાર્થે કરતાલ સંગ ધૂન, ભજનકીર્તન કરાશે. તેમાં એકત્રિત થનારું ફંડ ગૌમાતાની સેવા માટે અપાશે. કરાઓકે સિસ્ટમ ભાડેથી મેળવી ગીતો પર્ફોર્મ કરવામાં આવે છે. સત્યનારાયણની કથાનું આયોજન કરાય છે અને ફનફેર હોય જેમાં 25 થી 30 ફૂડ સ્ટોલ મુકાય છે. લોકો પોતાના ઘરેથી બનાવેલી વાનગીઓ 10, 20,30 રૂપિયામાં જેમને ખાવી હોય તેમને ખવડાવે. બાળકો માટે મેજીક શૉ તથા ડ્રોઈંગ કોમ્પિટિશન રાખવામાં આવે છે. આ વખતે ડ્રોઈંગ કોમ્પિટિશનનો થીમ ઓપરેશન સિંદૂર રાખવામાં આવશે. 108 દીવાની મહાઆરતી થશે. છપ્પનભોગ પ્રસાદી કરાશે. કોરિયોગ્રાફરને બોલાવીને ડાન્સ પર્ફોર્મન્સ થશે.'' ■

## મુંબઈથી બેન્ઝો બોલાવી મ્યુઝિકલ નાઈટ કરાશે, બાળકો માટે માટે મ્યુઝિકલ ચેર ગેમ: સાહિલ પટેલ



પીપળોદ વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય સાહિલ પટેલ ઈવેન્ટ મેનેજમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે, ''અમારા પીપળોદ ચા સુખકર્તા ધનલક્ષ્મી ગ્રુપ દ્વારા 2013થી ગણપતિની સ્થાપના થાય છે. આ વખતે અમારા ગણપતિ પરશુરામ ભગવાનના સ્વરૂપમાં છે. પંડાળનું ડેકોરેશન ગોલ્ડન મહેલના થીમ પર કરવામાં આવ્યું છે. ગોલ્ડ કલરમાં



આખો મહેલ ઊભો કરાશે. અમે દર વર્ષે સાંસ્કૃતિક અને સામાજિક સેવાકીય કાર્યક્રમો કરીએ છીએ. આજના આધુનિક યુગમાં દરેક જણ પોતપોતાના કામમાં એટલા વ્યસ્ત છે કે પોતાના મિત્રો, સ્વજનો, પડોશીઓ સાથે બેસીને આનંદનો સમય વિતાવી નથી શકતા એટલે આવા ઉત્સવો વખતે ભેગા થવાય અને સેવાકીય કાર્યો સાથે થોડો આનંદનો સમય પસાર થાય તે માટે અમારું મંડળ વિવિધ કાર્યક્રમ કરે છે. આ વખતે 30 ઓગસ્ટના રોજ મુંબઈથી બેન્ઝો બોલાવવામાં આવશે અને મ્યુઝિકલ નાઈટ થશે. મુંબઈના કલાકારો મ્યુઝિકને લગતું પર્ફોર્મન્સ કરશે. એક દિવસ બાળકોને વિવિધ ગેમ્સ રમાડવામાં આવશે જેમ કે લીંબુ ચમચી, મ્યુઝિકલ ચેર અને બીજી ગેમ્સ. આ સ્પર્ધાઓમાં જીતનારાં બાળકોને ઈનામો વિતરણ કરી પ્રોત્સાહિત કરાશે. ઓપન બ્લડ ડોનેશન કેમ્પ થશે તેમાં જે કોઈને ઈચ્છા હોય તે બ્લડ ડોનેટ કરી શકે છે. 108 દીવડાની મહાઆરતી અહીંની મહિલાઓ દ્વારા કરાશે તેની સાથે મહાપ્રસાદી હશે. ગયા વર્ષે અમે રાસગરબાનું આયોજન કર્યું હતું અને ભજનસંધ્યાનો પ્રોગ્રામ પણ કર્યો હતો. આ વખતે બીજા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ થશે.'' ■



## સાયબર ફ્રોડથી બચવા અવેરનેસ કાર્યક્રમ, વૃક્ષારોપણ અને દિવ્યાંગ બાળકોના મનોરંજનના કાર્યક્રમ: સોહન સાલવી






અડાજણ વિસ્તારમાં રહેતાં 29 વર્ષીય સોહન સાલવી ફિટનેસ ટ્રેનર છે. તેમણે જણાવ્યું કે, ''અમારું Gusty Guys ગ્રુપ 15 વર્ષથી ગણેશજીની સ્થાપના કરે છે. એલ.પી.સવાણી રોડ પર અમે દર વર્ષે અવેરનેસના કાર્યક્રમોને લઈને ગણેશ ઉત્સવ લોકોની સાથે ઊજવીએ છીએ. દર વર્ષે યુવાઓ, બાળકો, વૃદ્ધાશ્રમના વડીલો, દિવ્યાંગ અને અનાથ બાળકો માટેના કાર્યક્રમ કરીએ છીએ. આ વખતે અમે સુરતીઓને સાયબર ફ્રોડ સામે સાવધાનીને લઈને અવેરનેસનો કાર્યક્રમ કરવાના છીએ. વોટ્સએપ કોલિંગ ફ્રોડ, બેન્ક લૉન ફ્રોડ, ઓનલાઈન શોપિંગ ફ્રોડ કઈ રીતે થાય છે તે સ્ટેચ્યુ ઊભા કરીને લોકોને જણાવીશું અને તેનાથી બચવા શું કરવું તે પણ બતાવીશું. યુવાનો માટે 'Say No to Drugs'નો કાર્યક્રમ કરીને ડ્રગ્સવિરોધી અભિયાન ચલાવીશું. દર વર્ષની જેમ બ્લડ ડોનેશન કેમ્પ કરીશું. વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમનાં બાળકોને પંડાળમાં લાવી ગણપતિબાપ્પાના દર્શન કરાવીશું. દિવ્યાંગ બાળકો માટે મનોરંજનના કાર્યક્રમ અંતર્ગત અમારા ગસ્ટી ગાય ગ્રુપના 100 મેમ્બર્સ આ બાળકો સાથે ગણપતિબાપ્પાનાં ગીતો પર ડાન્સ કરીશું. 70 જણાનું લેઝિમનું ગ્રુપ બોલાવીશું જે પંડાળમાં

## શંકર-પાર્વતી, રાધા-કૃષ્ણ નૃત્ય અને ઓપરેશન સિંદૂરના થીમ પર સ્ટેજ શૉ થશે: કમલ મેવાવાળા





ભટાર-અલથાણ વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય કમલ મેવાવાળા રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે, ''અમારું સાથી મિત્રોનું સાઈરામ યુવક મંડળ છે જેમના દ્વારા 28 વર્ષથી ગણપતિની સ્થાપના અલથાણ- ભટાર કોમ્યુનિટી હોલમાં કરવામાં આવે છે. આ વર્ષે અમે ગજરાજ થીમ પર મહેલ સ્વરૂપનું ડેકોરેશન કર્યું છે. દર વર્ષે અમારા ગણેશમંડળ દ્વારા ગણેશ ઉત્સવના દસેદસ દિવસ વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાય છે. લેઝિમ શૉ અને બ્લડ ડોનેશન કેમ્પ કરાય છે. આ વખતે મહિલાઓ દ્વારા ગણેશવંદના કાર્યક્રમ થશે. રક્તદાન કેમ્પનું આયોજન કરાશે જેમાં જે પણ વ્યક્તિને રક્તદાન કરવાની ઈચ્છા હોય તે બ્લડ ડોનેટ કરી શકે છે. શંકરપાર્વતી અને રાધા-કૃષ્ણ નૃત્ય થશે. તેમની બધી કલા સ્ટેજ પર થશે જે વડોદરાના કલાકારો પર્ફોર્મ કરશે. ઓપરેશન સિંદૂરને લગતું એક સ્ટેજ પર્ફોર્મન્સ થશે તેમાં આતંકવાદી, ભારતીય સૈનિકો આ બધું દર્શાવાશે. ઓપરેશન સિંદૂરની થીમને લઈને એક મોટી દીવાલ ઊભી કરવામાં આવી છે. દર વર્ષે ભંડારો થાય છે. આ વખતે પણ ભંડારો કરી જેટલા પણ ભક્તો બાપ્પાના દર્શને આવશે તેમને પ્રસાદીનો લાભ આ ભંડારામાં અપાશે. લેઝિમ પર્ફોર્મ કરનારા એક ગ્રુપને બોલાવી લેઝિમ શૉ કરાશે. વળી, ગરબા તો હોવાના જ. બાળકોને નોટબુક વિતરણ કરાશે.'' ■

## ફેશન શૉનું આયોજન કરાય છે, હાઉઝી રમાડાય છે: વિપિન ગર્ગ





વેસુ વિસ્તારમાં રહેતાં 45 વર્ષીય વિપિન ગર્ગ અને મુકેશ જાગેટિયાએ જણાવ્યું કે, ''અમારા શૃંગાર રેસિડેન્સી ગણપતિ મહોત્સવ મંડળ દ્વારા છેલ્લાં 12 વર્ષથી ગણેશ ઉત્સવનું આયોજન કરાય છે અને ત્યારથી જ દર વર્ષે 10 દિવસ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરાય છે. લોકો એકસાથે ભેગા થઈને ઉત્સવનો આનંદ લે અને ખાસ તો આવા કાર્યક્રમો બાળકો માટે આયોજિત કરાય છે જેથી તેમને મનોરંજન પણ મળે અને તેમનામાં છુપાયેલી પ્રતિભાને લોકો સમક્ષ ઉજાગર કરવા માટે પ્લેટફોર્મ મળે. અમે 10 દિવસમાં એક દિવસ બાળકો માટે ઈન્ડોર ગેમ્સનું આયોજન કરીએ. મ્યુઝિકલ ચેર છે કે પછી લીંબુ ચમચી વગેરે રમતો બાળકોને રમાડવામાં આવે છે. અલગ અલગ એજ ગ્રુપ પ્રમાણે અલગ અલગ કેટેગરીમાં જેમ કે સોલો, ડ્યુએટ, ગ્રુપ આ કેટેગરીમાં ડાન્સ કોમ્પિટિશનનું આયોજન કરાય છે. આ કોમ્પિટિશન માટે પ્રોફેશનલ જજને હાયર કરાય છે અને તેઓ જેમને વિજેતા જાહેર કરે તેમને પ્રાઈઝીસ અપાય છે જેથી પર્ફોર્મ કરનારાઓને પ્રોત્સાહન મળે. ફેશન શૉનું આયોજન પણ અલગ અલગ થીમ નક્કી કરીને કરાય છે. કોરિયોગ્રાફર કોરિયોગ્રાફી કરીને આપે તે પ્રમાણે સ્પર્ધકો પર્ફોર્મ કરે છે. ધાર્મિક કાર્યક્રમ અંતર્ગત સુંદરકાંડ પાઠનું આયોજન પણ કરવામાં આવે છે. દરેક એજ ગ્રુપનાં લોકો માટે હાઉઝી ગેમનું આયોજન થતું હોય છે. આ વખતે અમારા ગણપતિ હાથી પર બિરાજમાન છે એટલે અમે પંડાળનું ડેકોરેશન જંગલ થીમ પર કર્યું છે. અમે ઓપરેશન સિંદૂરના થીમ પર સેલ્ફી પોઈન્ટ બનાવ્યો છે. સિંગિંગનો એક સ્ટેજ કાર્યક્રમ થવાનો છે. જેમાં જેમણે સોંગ્સ ગાવાં હોય તે ગાઈ શકે છે. બાળકો માટે ફનફેર થાય છે જેમાં વિવિધ વાનગીઓના ફૂડ સ્ટોલ લાગે છે અને મહાઆરતીને દિવસે છપ્પનભોગ પ્રસાદ કરાય છે.'' ■

**હવે સમય એવો આવ્યો છે કે પોતાનાં નોકરી-ધંધાની વ્યસ્તતાને કારણે લોકો પોતાના મિત્રો, પોતાના સંબંધીઓને મળવા માટે પણ સમય નથી આપી શકતા. રોજ રોજ મિત્રોની મહેફિલ નથી જામી શકતી. સંબંધીઓને મળવાનું પણ ઓછું થઈ ગયું છે અને કદાચ આના કારણે જ તહેવારો, ઉત્સવોમાં વિવિધ કાર્યક્રમ ગોઠવવામાં આવે છે. એ બહાને મિત્રોને અને સગાંસંબંધીઓને મળી શકાય. બસ આ જ કારણે હવે લોકો મોટા ઉત્સવોમાં સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો કરી એક મંચ પર ભેગા થાય છે. પોતાની શેરીમાં કે મહોલ્લામાં રહેતાં લોકો સાથે પરિચય કેળવતા થાય છે. 8-10 દિવસ અમુક કલાકો સાથે રહી શકે છે. ગણપતિ ઉત્સવમાં સોસાયટીઓમાં અને એપાર્ટમેન્ટમાં કાર્યક્રમો કરી લોકો આનંદની ક્ષણો માણે છે અને પોતાની સોસાયટીનાં બાળકો અને યુવાઓમાં રહેલા ટેલેન્ટને ઉજાગર કરવા એક સ્ટેજ ઉત્સવોના બહાને આપે છે. અત્યારે સુરતમાં ઘણી સોસાયટીઓમાં ગણેશ ઉત્સવમાં મનોરંજનના કાર્યક્રમોની બહાર આવી ગઈ છે.**